# પત્રક – ૧

## “લોક દરબાર” અંતર્ગત મળેલ અરજીઓ

લોક દરબાર તારીખ : ૨૨/૦૭/૨૦૧૫
સ્થળ : અરવિંદભાઈ મનીયાર હોલ, રાજકોટ
સમય : સવારે ૧૦:૩૦ કલાકે
જિલ્લાનું નામ : રાજકોટ

તા. ૨૨/૦૭/૨૦૧૫ ના રોજ રાજકોટ મૂકામે યોજાયેલ જિલ્લા કક્ષાના લોક દરબારની વિગતો :

| પ્રગતિ અહેવાલ | |
|---|---|
| રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૪૫ |
| નિતિ વિષયક પ્રશ્નોની સંખ્યા | ૦૨ |
| નિકાલ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૪૨ |
| પ્રગતિ હેઠળ રહેલ પ્રશ્નોની સંખ્યા | ૦૧ |

| પ્રશ્ન નં. | રજુઆત કર્તાનું નામ અને સરનામું | પ્રશ્ન / રજુઆતની વિગત | જવાબ / નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી ( નિકાલ / પડતર / નીતી વિષયક ) | જો પડતર હોય તો નિકાલની સમયમર્યાદા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માન. પ્રમુખ શ્રી એ.પી.એમ.સી., રાજકોટ, હરદેવસિહ જાડેજા | રાજ સમઢિયાળા ગામે નવું બની રહેલ ૬૬ કેવી સબ સ્ટેશન જેન બને તેમ વહેલું ચાલુ કરી જેથી તેમાંથી નીકળતા જ્યોતિ ગ્રામ તથા ખેતીવાડી ફીડરમાં નિયમિત વિક્ષેપ વગરનો વીજ પુરવઠો આપી શકાય. | રાજ સમઢિયાળા ગામે નવું બની રહેલ ૬૬ કેવી સબ સ્ટેશન માહે જેટકો દ્વારા જુલાઈ ૨૦૧૫ માં ચાલુ કરવાનું હતું. જે તા. ૦૪.૦૮.૨૦૧૫ના રોજ ચાલુ થતાં તેમાંથી નવું લાખાપર જ્યોતિગ્રામ ફિડર તા. ૦૬.૦૮.૨૦૧૫ ના રોજ ચાલુ કરેલ છે. તથા રાજસમઢિયાળાં ખેતીવાડી ફિડર તા. ૧૦.૦૮.૨૦૧૫ ના રોજ ત્રંબા પેટા વિભાગીય કચેરી દ્વારા ચાલુ કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | ત્રંબા | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૨ | માન. પ્રમુખ શ્રી એ.પી.એમ.સી., રાજકોટ, હરદેવસિહ જાડેજા | ૬૬ કેવી રાજ સમઢિયાળા સબ સ્ટેસન માંથી નવા ઔદ્યોગિક ફીડર આપી નજીકના ઔદ્યોગિક (એચ.ટી.) ગ્રાહકોને આ ફીડર માંથી વીજ પુરવઠો આપવો. | ૬૬ કેવી રાજ સમઢિયાળા સબ સ્ટેશન માંથી નવા ઔદ્યોગિક ફીડર માટે મોજણી કામ પૂર્ણ થઈ ગયેલ છે. અને નવા ઔદ્યોગિક ફિડર સનરાજ ઈન્ડસ્ટ્રીયલ ફીડર માટે તાજેતર માં આ સબ સ્ટેશનની નજીક આવેલ ઔદ્યોગિક ગ્રાહક સમઢિયાળા સ્પીનટેક્ષ પ્રાં. લી. દ્વારા હયાત ઔદ્યોગિક જોડાણમાં લોડ વધારાની માંગણી કરવામાં આવેલ છે જેના અનુસંધાને જસદણ વિભાગીય કચેરી દ્વારા તા. ૦૫.૦૮.૨૦૧૫ ના રોજ ૬૬ કેવી રાજ સમઢિયાળા સબ સ્ટેશન માંથી નવું ઔદ્યોગિક ફિડરની દરખાસ્ત બનાવી મંજૂરી માટે ઉપલી કચેરીએ મોકલવામાં આવેલ છે. સદરહું ફીડરની મંજુરી મળતા કામગીરી પૂર્ણ કરી તા. ૦૪/૦૮/૨૦૧૫ ના રોજ નવો ઔદ્યોગિક ફિડર સનરાજ ઈન્ડસ્ટ્રીયલ કાર્યરત કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | ત્રંબા | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | માન. પ્રમુખ શ્રી એ.પી.એમ.સી., રાજકોટ, હરદેવસિહ જાડેજા | ઔદ્યોગિક (એચ.ટી.) ગ્રાહકોને જ્યોતિ ગ્રામ ફીડરો માંથી કાઢી ઔદ્યોગિક ફીડરોમાં જોડી વીજ પુરવઠો આપવો જેથી જ્યોતિ ગ્રામ ફિડરોમાં આવતા વીજ વિક્ષેપનથી ઔદ્યોગિક એકમોને થતું આર્થિક/ટેકનીકલ નુકશાન નિવારી શકાય. | ૬૬ કેવી રાજ સમઢિયાળા સબ સ્ટેશન માંથી નવા ઔદ્યોગિક ફીડર માટે મોજણી કામ પૂર્ણ થઈ ગયેલ છે. અને નવા ઔદ્યોગિક ફિડર સનરાજ ઈન્ડસ્ટ્રીયલ ફીડર માટે  તાજેતર માં આ સબ સ્ટેશનની નજીક આવેલ ઔદ્યોગિક ગ્રાહક  સમઢિયાળા સ્પીનટેક્ષ પ્રાં. લી. દ્વારા હયાત ઔદ્યોગિક જોડાણમાં લોડ વધારાની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જસદણ વિભાગીય કચેરી દ્વારા તા. ૦૫.૦૮.૨૦૧૫ ના રોજ ૬૬ કેવી રાજ સમઢિયાળા સબ સ્ટેશન માંથી નવું ઔદ્યોગિક ફિડરની દરખાસ્ત બનાવી મંજૂરી માટે ઉપલી કચેરીએ મોકલવામાં આવેલ છે. સદરહું ફીડરની મંજુરી મળતા કામગીરી પૂર્ણ કરી તા. ૦૪/૦૮/૨૦૧૫ ના રોજ નવો ઔદ્યોગિક ફિડર સનરાજ ઈન્ડસ્ટ્રીયલ કાર્યરત કરવામાં આવેલ છે. સદરહું ફીડરની મંજુરી મળતા કામગીરી પૂર્ણ કરી તા. ૦૪/૦૮/૨૦૧૫ ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | ત્રંબા | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૪ | માન. પ્રમુખ શ્રી એ.પી.એમ.સી., રાજકોટ, હરદેવસિહ જાડેજા | ખેતીવાડી વિસ્તારમાં એક જ સર્વે નંબરમાં આવેલ અલગ-અલગ બોર તથા કુવામાં વીજ વપરાશ કરી શકે તેવી જોગવાઈ કરવી. | જીયુવીએનએલ નાં પરિપત્ર નંબર સીઈ/ જીયુવીએનએલ/આર.ઈ./૮૭ તા ૦૭.૦૬.૨૦૦૬ મુજબ એક જ સર્વે નંબરમાં હયાત ખેતીવાડીના વીજ જોડાણ દીઠ બે મોટર ચલાવવાની મંજૂરી અપાતી નથી. | - | - | - | રાજકોટ ગ્રામ્ય | નીતિ વિષયક | | |
| ૫ | માન. પ્રમુખ શ્રી એ.પી.એમ.સી., રાજકોટ, હરદેવસિહ જાડેજા | સાયપર, મઘરવાડા, પરેવાળા, મેસવડા, રફાળા, જામગઢ, ચાંચડીયા, બારવણ ગામોને કુવાડવા સબ ડીવીજનમાં જોડવા જેથી આ ગામોના ખેડૂતો તથા ગ્રાહકોને તેમને પડતી સમસ્યાઓને તાત્કાલિક નિવારી શકાય. | સાયપર, મઘરવાડા, પરેવાળા, મેસવડા, રફાળા, જામગઢ, ચાંચડીયા, બારવણ ગામો ને કુવાડવા સબ ડીવીઝન માં સમાવેશ કરવા માટે કંપનીના નિયમ મુજબ આર્થિક, વહીવટી તથા તાંત્રિક રીતે શક્ય નથી. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | ત્રંબા | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | માન. પ્રમુખ શ્રી એ.પી.એમ.સી., રાજકોટ, હરદેવસિહ જાડેજા | હાલ પી.જી.વી.સી.એલ. માં હળવા દબાણ તથા ભારે દબાણની વીજ લાઈનનોનું નેટવર્ક વધતું જાય છે. સાથે સાથે ગ્રાહકોની સંખ્યા પણ વધતી જતી હવાથી ટેકનીકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફોની ભરતી કરવી જેથી ગ્રાહકોને તથા હાલના સ્ટાફને પડતી મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય. | આ અંગે હાલમાં પી.જી.વી.સી.એલ. માં નિયમ મુજબ ટેકનિકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફ ની ફાળવણી કરવામાં આવતી હોય છે. તાજેતરમાં તારીખ ૦૧.૦૪.૨૦૧૫ નાં રોજ કાર્યભાર તથા અન્ય પાસાઓને ધ્યાન માં લઇ રાજકોટ જિલ્લામાં નવા બે સબ ડીવીઝનો જામ કંડોરણા તાલુકામાં જામ કંડોરણા-૨ તેમજ રાજકોટ તાલુકા માં ત્રંબા મુકામે કાર્યરત કરવા આવેલ છે. | - | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૭ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | જસદણ તાલુકાના જીવાપર-ગુંદાળા ગામ તરફના ખેતીવાડીના ફીડરમાં ફોરેસ્ટ વિભાગના વાંધા લેવામાં આવતા ફીડરના બાયફરગેશનની કામગીરી અટકી છે યોગ્ય નિરાકરણ લાવવું. | જસદણ તાલુકાના જીવાપર-ગુંદાળા ગામ તરફ નો ૧૧કે.વી. ગૌરવ ખેતીવાડી ફીડરમાં ફોરેસ્ટ વિભાગના “ના વાંધા” પ્રમાણપત્ર માટે જરૂરી દરખાસ્ત આટકોટ પે/વિ કચેરી દ્વારા ફોરેસ્ટ વિભાગમાં મોકલી આપવામાં આવેલ છે. લોક દરબારમાં પ્રશ્ન રજુ થતા, ફરીથી મોજણી કામ કરી તાંત્રિક રીતે શક્ય હોય તે રૂટની દરખાસ્ત તૈયાર કરવા સુચના આપેલ હતી. જે અન્વયે નાયબ ઈજનેર આટકોટ દ્વારા ફરીથી સર્વે કરી અગલ રૂટ નક્કી કરી તાંત્રિક મંજુરી માટે પ્રોજેક્ટ નં. ૧૧૬૦૬૭ મૂકી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મંજુર થયે માલ-સમાન ઉપલબ્ધતા મુજબ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | આટકોટ | જસદણ | રાજકોટ ગ્રામ્ય | પ્રગતિ હેઠળ | ૩૦ દિવસ | |
| ૮ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | જસદણ તાલુકાના સાણથલી અને પ્રતાપપુર ગામે ૬૬ કે.વી. ના નવા સબસ્ટેશન તાકીદે મંજુર કરવા. | જસદણ તાલુકાના સાણથલી ગામે ૬૬કે.વી. સબસ્ટેશન મંજુર કરેલ છે જે નવા સબસ્ટેશનની કામગીરી જેટકો દ્વારા ત્વરિત હાથ ધરવામાં આવશે. જે બાબતે જેટકો ઝોનલ કચેરીને પણ જાણ કરવામાં આવેલ છે. તથા પ્રતાપપુર ગામે ૬૬કે.વી. સબસ્ટેશન માટે તાંત્રીક સર્વેક્ષણ કરી જરૂર દરખાસ્ત તા.૨૧/૧૦/૨૦૧૫ ના રોજ મુખ્ય ઇજનેરશ્રી(પ્રોજ.) જેટકો વડોદરાને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | આટકોટ | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | સાણથલી જી.પં.સીટ હેઠળ આવતા ૧૮ ગામોમાં ખેતીવાડીની જમીનમાં ઝુપડા કરીને રહેતા ખેડૂતોને સામાન્ય સ્કીમ હેઠળ ધાર વપરાશના વીજ કનેકશન આપવા અને પુરેપુરો ચાર્જ વસુલ કરવો નહીં. | ખેતીવાડી જમીન માં કંપની ના હાલ ના નિયમ મુજબ અરજદારો ને નિયત ભાવ પત્રક મુજબ રકમ વસુલી વીજ જોડાણ આપવામાં આવેલ છે. જેથી અલગ વિસ્તારમાં અલગ ચાર્જ આપી વીજ જોડાણ આપવું કંપનીના નીયમ મુજબ શકય નથી. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | આટકોટ | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૦ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | ખેતીવાડીમાં જે ખેડૂતોએ પી.જી.વી.સી.એલને નિયમાનુસાર રકમ ભરપાઈ કરી આપી છે તેવા ખેડૂતોને મટીરીયલ્સના અભાવે વીજ જોડાણ આપવામાં આવતા નથી. જેના કારણે ખેડૂતોને મુશ્કેલીઓ ભોગવી પડે છે જેથી મટીરીયલ્સની ફાળવણી તાકીદે કરવી. | ખેતીવાડીના નવા કનેક્શન માટે અરજદાર દ્વારા નિયતભાવ પત્રકની રકમ ભરપાઈ થયા બાદ કંપનીના નિયમ મુજબ સમય મર્યાદામાં મટીરીયલ્સની ફાળવણી કરી વીજ જોડાણ આપવામાં આવે છે. હાલમાં રાજકોટ જીલ્લામાં ખેતીવાડીમાં ૧૨૦ દીવસથી વધારે સમયથી રકમ ભરપાઈ કરેલ હોય તેવી કોઇજ અરજીઓ મટીરીયલ નાં અભાવે પડતર નથી. | અધિક્ષક ઇજનેર રાજકોટ ગ્રામ્ય ૯૮૨૫૬ ૦૩૧૬૦ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૧ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | સાણથલી-જીવાપર સહિતના આજુબાજુના ગામડાના ખેડુતો વીજ પવારને લગતી ફરીયાદોનું સમયસર નિરાકરણ થાય તેવા હેતુસર બંને ગામોએ (સાણથલી-જીવાપર) ફોલ્ટ સેન્ટરો શરૂ કરવા. | સાણથલી જીવાપર સહિતના આજુબાજુના ગામડાના ખેડુતો વીજ પવારને લગતી ફરીયાદોનું સમયસર નિરાકરણ થાય તે માટે જીવાપર ગામે એમ. આર. મકવાણા ઇલેક્ટ્રીક આસિસ્ટન્ટની નિમણૂક કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | - | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૨ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | વાસાવડ સબડીવીઝનનું વહેલી તકે બાયફરકેશન કરવું. | પીજીવીસીએલના પ્રર્વતમાન નિયમનુસાર પત્ર નં ૫૬૮૪ તા ૧૬.૦૬.૧૫ મુજબ જરૂર જણાયે સબસડીવીઝનનાં વિભાજનની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. હાલ વાસાવડ સબ ડીવીઝનમાં એચ.ટી. લાઇન-૧૫૪૮.૪૮ કી.મી., એલ.ટી. લાઇન- ૯૩૬.૭૬૮ કી.મી., ટી.સી.- ૬૪૩૫ નંગ, એરિયા-૧૮૦૦ ચો.કીમી., રેવન્યુ- રૂ. ૨.૯૧ કરોડ, ગ્રાહકો- ૨૭૮૭૨ છે. જે પીજીવીસીએલની પ્રર્વતમાન નિયમનુસાર ૧૫૦ % ગ્રાહકો થતા ન હોવાથી હાલ આ સબ ડીવીઝન ઓફીસનું વિભાજન શક્ય નથી. | કાર્યપાલક ઇજનેર ગોંડલ ૯૯૨૫૨ ૦૯૧૩૩ | - | ગોંડલ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | વાસાવડ-આટકોટ, ગોંડલ, કોટડા સાંગાણી સબડીવીઝન હેઠળના સાણથલી વિસ્તારના ખેડૂતોને ખેતીવાડીના વીજ કનેકશન વહેલી તકે આપવા. | આટકોટ સબ ડિવિજનના હાલમાં ખેતીવાડીના વીજ જોડાણો પીજીવીસીએલના નિયમાનુસાર વર્ષ ૨૦૦૭ સુધીના વીજ જોડાણો અપાઇ ગયેલા છે. તથા વર્ષ ૨૦૦૮ના વીજ જોડાણો આપવાનું કામ ચાલુ છે. જે જેમ બને તેમ વહેલી તકે કંપનીના નિયમ મુજબ આપવામાં આવશે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | - | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૪ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | ખેડૂતોને એક જ સર્વેનંબર એકથી વધુ કનેકશનો આપવા (અગર) એક જ સર્વે નંબરમાં અલગ અલગ જગ્યાએ બોર-કુવા હોય તો મંજુર કરેલા હો.પા. ની મર્યાદામાં બંને (બોર-કુવા) જગ્યાએથી પિયત માટે વીજ પાવર વપરાશની મંજૂરી આપવી. | (૧) જીયુવીએનએલનાં પરિપત્ર નં સીઈ/ જીયુવીએનએલ/આર.ઈ./૮૭ તા ૦૭.૦૬.૨૦૦૬ મુજબ એક જ સર્વે નંબરમાં હયાત ખેતીવાડીના વીજ જોડાણ દીઠ બે મોટર ચલાવવાની મંજૂરી અપાતી નથી. (૨) જીઈઆરસીનાં રેગ્યુલેશનનાં સપ્લાયકોડના નોટીફીકેશન નં-૧૧-૨૦૦૫ ના સેકશન-૪ પ્રોસીઝર ફોર ગ્રાંટ ઓફ સપ્લાય ક્લોઝ નં- ૪.૧.૧૭ પ્રમાણે એક પ્રીમાઈસીસમાં સરખા હેતુ માટે એક કરતાં વધુ વીજ જોડાણ આપી શકતા નથી. પરંતુ જો એક જ સર્વે માં એકથી વધારે ભાઈઓ અલગ અલગ ખેતી કરતાં હોય અને તે સર્વે નં અલગ -અલગ ખાતા મુજબ વિભાજીત થયેલ હોય ત્યારે દરેક ખાતાના અલગ-અલગ ખાતેદારે જે તે ખાતાનું કાયદાકીય અસ્તિત્વ પ્રમાણિત કરવા માટે મહેસૂલ નોંધણી જેવી કે ૭/૧૨,૮-અ,૬ (હક્કપત્રક) જેમાં પરીવર્તન/ફેરફારની નોંધ, ડિસ્ટ્રિક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ (ડીઆઈએલઆર) દ્વારા પ્રમાણિત કરેલ જમીન માપણી શીટ/ગામનો નક્શો વગેરે દસ્તાવેજોની ખરાઈ કર્યા બાદ જો સદર મહેસૂલી માહિતી વિભાજીત થયેલ સર્વે નં.ના અલગ-અલગ ખાતા નંબરની કાયદાકીય રીતે અલગ અસ્તિત્વ પુરવાર થતું હોય તો દરેક ખાતાની સામે વિભાજીત થયેલ સર્વે નંમાં અલગ ખાતેદારને | - | - | - | રાજકોટ ગ્રામ્ય | નીતિ વિષયક | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખેતીવાડી વીજ જોડાણ આપી શકાય છે. | | | | | | | |
| ૧૫ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | ખેતીવાડીમાં આપવામાં આવતા સિંગલ ફેઝ પાવર સતત ૨૪ કલાક આપવો. | ખેતીવાડીમાં આપવામાં આવતો વીજ પુરવઠો ખેતીવાડી ફિડરોમાં અલગ પ્રકારના ડીઝાઈનના ટ્રાન્સફોર્મર મૂકી ૨૪ કલાક વીજ પુરવઠો આપવામાં આવે છે. | અધિક્ષક ઇજનેર રાજકોટ ગ્રામ્ય ૯૮૨૫૬ ૦૩૧૬૦ | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૬ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | પી.જી.વી.સી.એલના નોર્મ્સ મુજબ ટી.સી.બળી ગયાના ૨૪ કલાકમાં ટી.સી.બદલવાની જોગવાઈ છે, છતાં નિયમોની અમલવારી કરવામાં આવતી નથી. જેના કારણે ખેડૂતોને મુશ્કેલી ભોગવી પડે છે નિયમોની અમલવારી કરવી. | પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજબ ટ્રાન્સફોર્મરની ઉપલબ્ધતા મુજબ બળી ગયેલ ટ્રાન્સફોર્મર સમયસર ખેતીવાડી ગ્રાહકોને બદલી આપવામાં આવે છે. | અધિક્ષક ઇજનેર રાજકોટ ગ્રામ્ય ૯૮૨૫૬ ૦૩૧૬૦ | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૭ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | ખેતીવાડીની લાઈન ફોલ્ટમાં જતાં સમયસર રીપેર કરવામાં આવતી નથી, ફરિયાદના કેટલા સમયમાં ફોલ્ટી લાઈન રીપેર કરવાની જોગવાઈ છે તેની વિગતો જાહેર કરવી. | ખેતીવાડીમાં વીજ લાઇન ના ફોલ્ટ પરિસ્થિતિને અનુરૂપ જેમ બને તેમ વહેલી તકે નિવારણ કરવામાં આવે છે. | અધિક્ષક ઇજનેર રાજકોટ ગ્રામ્ય ૯૮૨૫૬ ૦૩૧૬૦ | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૧૮ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | જસદણ-વિંછીયા તાલુકા સબડીવીઝનોમાં કેટલાક ફીડરો એવા છે કે એ ફીડરો કયા ૬૬કે.વી. સબ ડીવીઝનમાં છે તેની જાણકારી વીજગ્રાહકો પાસે ન હોવાથી ફરિયાદ વખતે ગ્રાહકોને એક બીજા સબડીવીઝન વચ્ચે ધક્કા ખવડાવવામાં આવે છે. અગર જે તે સબડીવીઝનમાંથી યોગ્ય જવાબો અપાતા નથી. જેથી જસદણ-વિંછીયા તાલુકાના દરેક સબ ડીવીઝન હેઠળ આવતા ૬૬કે.વી-ફીડરોની જાણકારી ગામના નામ સાથે ઓઈલ પેઈન્ટ કરી દરેક સબડીવીઝન ઉપર-ડીવીઝન ઉપર ફરજીયાત લગાડવી. | જસદણ-વીંછીયા સબ ડીવીજનોમાં ૬૬ કેવી સબ સ્ટેશન માથી નીકળતા ૧૧ કેવી ફિડરોના નામ સબ ડિવિજનમાં કાગળ પર લખી પોસ્ટર ચોટાડવામાં આવેલા છે. ઉપરાંત ૬૬ કેવી સબ સ્ટેશનમાં પણ ફિડરો અંગેની જાણકારી મૂકવામાં આવતી હોય છે.<br>ઉપરાંત ફરિયાદ અંગે જેને સબ ડિવિજનમાં ફોલ્ટ સેન્ટર રાખવામા આવતા હોય છે અને ફોલ્ટ સેન્ટરના નંબર દરેક ગામના ગ્રામ પંચાયતની કચેરીએ તથા ગામના જાહેર સ્થળે મૂકવામાં આવતા હોય છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | અરુણભાઈ એસ કુંમર, પ્રમુખ શ્રી ભારતીય જનતા પાર્ટી, ગોંડલ.(તા. ગોંડલ) | ગોંડલ ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી નીચે જામવાડી જીઆઇડીસી, હડમતાળા જીઆઈડીસી, તેમજ ઘણો બધો ગ્રામ્ય વિસ્તાર આવતો હોઈ તેમજ આ વિસ્તારમાં ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ પણ વધારે હોઈ, ઇન્ડસ્ટ્રીયલ એસોસીએસન દ્વારા નવું ઇન્ડસ્ટ્રીયલ સબ ડીવીઝન ઉભું કરવા અવાર નવાર રજુઆતો કરવામાં આવેલ છે. પણ હજુ સુધી આ બાબતે યોગ્ય કરવામાં આવેલ નથી. તો આ બાબતે ઘટતું કરવું. | પીજીવીસીએલના પ્રર્વતમાન નિયમનુસાર પત્ર નં ૫૬૮૪ તા ૧૬.૦૬.૧૫ મુજબ જરૂર જણાયે સબસડીવીઝનનાં વિભાજનની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. હાલ ગોંડલ ગ્રામ્ય-૧ સબ ડીવીઝનમાં એચ.ટી. લાઇન-૧૨૧૫.૧ કી.મી., એલ.ટી. લાઇન- ૩૭૨૮.૬ કી.મી., ટી.સી.-૪૩૬૭ નંગ, એરિયા-૫૭૨.૨૬ ચો.કીમી., રેવન્યુ- રૂ. ૧૦.૦૦ કરોડ, ગ્રાહકો- ૨૪૧૧૮ છે. જે પીજીવીસીએલની પ્રર્વતમાન નિયમનુસાર ૧૫૦ % ગ્રાહકો થતા ન હોવાથી હાલ આ સબ ડીવીઝન ઓફીસનું વિભાજન શક્ય નથી. | કાર્યપાલક ઇજનેર ગોંડલ મોબાઇલ નં ૯૯૨૫૨ ૦૯૧૩૩ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૨૦ | અરુણભાઈ એસ કુંમર, પ્રમુખ શ્રી ભારતીય જનતા પાર્ટી, ગોંડલ. (તા. ગોંડલ) | નદી અને હોકરા કાંઠે વરસાદ દરમ્યાન પોલ વારંવાર પડી જતા હોય છે. તેમજ આવી જગ્યાએ લાઈન ઉભી કરવામાં ઘણો સમય જતો હોય છે. તો ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તેવી કાયમી વ્યસ્થા કવા તથા હાલ વરસાદ ખેંચાતા કાયમી ખેડૂતોના ટ્રાન્સફોર્મર બળી જવાના બનાવ વધારે બનતા હોઈ. તો આવા બળી ગયેલ ટ્રાન્સફોર્મર વહેલી તકે સમયસર બદલી આપવા યોગ્ય વ્યસ્થા ઉભી કરવા વિનંતી. | નદી અને હોકરા કાંઠે વરસાદ દરમ્યાન પોલ વારંવાર પડી જવાનું પુનરાવર્તન ન થાય તે માટે આવા પોલ નું કોન્ક્રેટીંગ કરવાની કામગીરી હાલ ચાલુ જ છે. તેમજ બળી ગયેલ ટ્રાન્સફોર્મર સ્ટોક મુજબ સમય મર્યાદામાં બદલવાની વ્યવસ્થા કરવા કાર્યપાલક ઇજનેરશ્રી, ગોંડલ વિભાગીય કચેરીને લોક દરબારમાં રૂબરૂ તાકીદ કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર ગોંડલ મોબાઇલ નં ૯૯૨૫૨ ૦૯૧૩૩ | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૨૧ | અરુણભાઈ એસ કુંમર, પ્રમુખ શ્રી ભારતીય જનતા પાર્ટી, ગોંડલ. (તા. ગોંડલ) | હડમતાળા ઇન્ડસ્ટ્રીયલ એસોસીએસન દ્વારા થયેલ રજૂઆત મુજબ શ્રીનાથજી ફીડરમાં ભારે વરસાદ બાદ લાઈન ટ્રીપીંગમાં સતત વધારો થવાથી ઉત્પાદન ઉપર ઘણી જ અસર થાય છે. તેમજ નાણાકીય નુકશાન થતું હોય તો આ બાબતે જરૂરી ફીડરની મેન્ટેનન્સ કામગીરી તથા નબળા વાયર બદલવા યોગ્ય કરવું. | હડમતાળા ઇન્ડસ્ટ્રીયલ એસોસીએસન દ્વારા થયેલ રજૂઆત અન્વયે શ્રીનાથજી ફીડરનું સમારકામ તા ૧૫.૦૭.૧૫ નાં રોજ સંપૂર્ણ રીતે પૂરું કરવામાં આવેલ છે. તમામ જમ્પરો નવા બદલવામાં આવેલ છે. અને ખરાબ પોલ દુર કરી નવા પોલ ઉભા કરવામાં આવેલ તથા લાંબા ગાળામાં વાયર ભેગા ન થાય તે માટે વચ્ચે પોલ ઉભા કરવામાં આવેલ છે. અને નડતરરૂપ ઝાડવાને કાપવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર ગોંડલ મોબાઇલ નં ૯૯૨૫૨ ૦૯૧૩૩ | - | - | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

<table>
<tr><td>૨૨</td><td>સેક્રેટરી શ્રી ચેમ્બર ઓફ કોમર્સ, જેતપુર</td><td>પી.જી.વી.સી.એલ. જેતપૂર શહેર પેટા કચેરીમાં ટેકનિકલ સ્ટાફ ની નિમણૂક આપવા આદેશ થવા બાબત</td><td>વડી કચેરીના સેટ અપ મુજબ જેતપુર શહેર કચેરીમાં ટેકનિકલ સ્ટાફ ની નિમણૂક નીચે મુજબ છે.<table>
<tr><th>કર્મચારીનો હોદો</th><th>મજૂર થયેલ સ્ટાફ</th><th>નિમણૂક આપેલ સ્ટાફ</th></tr>
<tr><td>લાઇન ઈન્સ્પેકટર</td><td>૨</td><td>૨</td></tr>
<tr><td>લાઇન મેન</td><td>૫</td><td>૫</td></tr>
<tr><td>આસી. લાઇન મેન</td><td>૪</td><td>૪</td></tr>
<tr><td>ઈલે. આસી.</td><td>૧૦</td><td>૧૦</td></tr>
</table>લોક દરબાર સમયે ઈલે. આસી. ની ખાલી રહેલ ૨ (બે) જગ્યા ઓર્ડર નંબર ૪૭૦૨ તા. ૨૮/૦૭/૨૦૧૫ નાં રોજ ભરી આપવામાં આવેલ છે.</td><td>કાર્યપાલક ઇજનેર જેતપુર</td><td></td><td></td><td>રાજકોટ ગ્રામ્ય</td><td>નિકાલ</td><td></td><td></td></tr>
<tr><td>૨૩</td><td>પ્રમુખ શ્રી જેતપુર ડાઈંગ એન્ડ પ્રિંટિંગ એસોસિએશન</td><td>પી.જી.વી.સેલ.જેતપૂર ટાઉન સબ ડિવિજન લેવલે કર્મચારીઓની ઘટ અંગે</td><td>વડી કચેરીના સેટ અપ મુજબ જેતપુર શહેર કચેરીમાં ટેકનિકલ સ્ટાફ ની નિમણૂક નીચે મુજબ છે.<table>
<tr><th>કર્મચારીનો હોદો</th><th>મજૂર થયેલ સ્ટાફ</th><th>નિમણૂક આપેલ સ્ટાફ</th></tr>
<tr><td>લાઇન ઈન્સ્પેકટર</td><td>૨</td><td>૨</td></tr>
<tr><td>લાઇન મેન</td><td>૫</td><td>૫</td></tr>
<tr><td>આસી. લાઇન મેન</td><td>૪</td><td>૪</td></tr>
<tr><td>ઈલે. આસી.</td><td>૧૦</td><td>૧૦</td></tr>
</table>લોક દરબાર સમયે ઈલે. આસી. ની ખાલી રહેલ ૨ (બે) જગ્યા ઓર્ડર નંબર ૪૭૦૨ તા. ૨૮/૦૭/૨૦૧૫ નાં રોજ ભરી આપવામાં આવેલ છે.</td><td>કાર્યપાલક ઇજનેર જેતપુર</td><td></td><td></td><td>રાજકોટ ગ્રામ્ય</td><td>નિકાલ</td><td></td><td></td></tr>
</table>

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | માનનીય પ્રમુખ શ્રી જસદણ નગરપાલિકા એ.એસ.સોજીત્રા | જસદણ શહેરમાં અંદરની બાજુએથી તથા અન્ય જે-જે વિસ્તારોમાંથી ૧૧ કે.વિ.ની લાઈનો પસાર થાય છે, ત્યાં અવર નવાર એક્સીડન્ટ તથા જાનહાની થયાના બનાવો બનેલ છે. | જસદણ શહેરમાં ૧૧કે.વિ.ની લાઈનો રસ્તાની બાજુએ યોગ્ય અને સલામત અંતર જાળવી ઉભી કરાયેલ છે. તેમ છતાં મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક ને અડચણરૂપ વીજ લાઈન અને વીજ પોલ ફેરવવા માટે ગુજરાત સરકાર દ્વારા ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માટે દાખલ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ જસદણ નગરપાલીકા વિસ્તારમાં ચીફ ઓફિસરશ્રી દ્વારા જસદણ શહેર અંદર તથા બહાર નડતરરૂપ ઈલે. પોલ તથા વિજ-લાઇન ખસેડવાની માંગણી આવેલ છે તેના અનુસંધાને ડી.આઈ.એસ.એસ. સ્કીમમાં સમાવેશ કરી તે અંગેની દરખાસ્ત ન. જે.એસ.ડી./ટેક./પ્રોં./૩૦૬૮/તા. ૧૦.૦૮.૨૦૧૫ થી જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૨૫ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | શહેર મા આવેલ શેરીઓના ખૂણે આડેધડ રીતે થાંભલાઓ ઉભા કરેલ હોવાના કારણે શેરીમાં આવતા વાહનો અંદર લેવામાં મુકેલીયો સર્જાય છે. | જસદણ શહેરમાં લાઈનો રસ્તાની બાજુએ યોગ્ય અને સલામત અંતર જાળવી ઉભી કરાયેલ છે. તેમ છતાં મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ વીજલાઈન અને વીજપોલ ફેરવવા માટે ગુજરાત સરકાર દ્વારા ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માટે દાખલ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ જસદણ નગરપાલીકા વિસ્તારમાં ચીફઓફિસરશ્રી દ્વારા જસદણશહેર અંદર તથા બહાર નડતરરૂપ ઈલે.પોલ તથા વિજ-લાઇન ખસેડવાની માંગણી આવેલ છે તેના અનુસંધાને ડીઆઈએસએસ સ્કીમમાં સમાવેશ કરી તે અંગેની દરખાસ્ત ન. જેએસડી./ટેક/પ્રોં/ ૩૦૬૮/ તા. ૧૦.૦૮.૨૦૧૫ થી જસદણ પે/વિ કચેરી દ્વારા કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | શહેરમાં આવેલ વિસ્તારના વિવિધ ચોકમાં અમુક જગ્યાએ ચોકની વચ્ચે થાંભલાઓ ઉભા કરાયેલ છે. જેથી ચોકમાં અકસ્માત થવાના પણ બનાવો બને છે. | જસદણ શહેરમાં લાઈનો રસ્તાની બાજુએ યોગ્ય અને સલામત અંતર જાળવી ઉભી કરાયેલ છે. તેમ છતાં મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક ને અડચણરૂપ વીજ લાઈન અને વીજ પોલ ફેરવવા માટે ગુજરાત સરકાર દ્વારા ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માટે દાખલ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ જસદણ નગરપાલીકા વિસ્તારમાં ચીફ ઓફિસરશ્રી દ્વારા જસદણ શહેર અંદર તથા બહાર નડતરરૂપ ઈલે. પોલ તથા વિજ-લાઇન ખસેડવાની માંગણી આવેલ છે તેના અનુસંધાને ડી.આઈ.એસ.એસ. સ્કીમમાં સમાવેશ કરી તે અંગેની દરખાસ્ત ન. જે.એસ.ડી./ટેક./પ્રોં./૩૦૬૮/તા. ૧૦.૦૮.૨૦૧૫ થી જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૨૭ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | શહેરના વિવિધ વિસ્તારોમાં જયાં જયાં ટી.સી જાહેરમાં નડતર રૂપ હોય ખસેડી ને સાઈડમાં લેવા જરૂરી છે. | મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક ને અડચણરૂપ વીજ લાઈન અને વીજ પોલ ફેરવવા માટે ગુજરાત સરકાર દ્વારા ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માટે દાખલ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ જસદણ નગરપાલીકા વિસ્તારમાં ચીફ ઓફિસરશ્રી તેમજ માનનીય નગરપાલિકા પ્રમુખશ્રી દ્વારા વિછિયા મૂખ્ય રોડ થી જસદણ બાયપાસ સુધી આવેલ ઈલે. પોલ સાથે ટીસી સાઈડમાં લેવાની માંગણી કરેલ હોય તેનું ડી.આઈ.એસ.એસ. સ્કીમમાં સમાવેશ કરી તે અંગેની દરખાસ્ત ન. જે.એસ.ડી./ટેક./પ્રોં./૩૦૬૮/તા. ૧૦.૦૮.૨૦૧૫ થી જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | શહેરમાં બુધવારના રોજ વીજ કાપ છે જેને બદલે તેને રવિવાર ના રોજ વીજ કાપ કરવો જેથી શહેરની સ્કૂલ, કોલેજો, સરકારી કચેરી, વ્યપારીક સંસ્થાઓને કામગીરીમાં વિક્ષેપો ઉભા ન થાય. | હાલમાં સમગ્ર રાજ્યમાં કોઇપણ જગ્યાએ વીજ કાપ અમલમાં નથી. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૨૯ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | શહેરના જે વિસ્તારોમાં વીજ તાર જોબ મારી ગયેલ હોય તેને ખેચીને વ્યવસ્થિત કરવા અને આવા તારને બદલે કેબલ નાખવા જેથી વીજ ચોરીના પ્રશ્નો તેમજ શોટ-સર્કિટના પ્રશ્નો નિવારી શકાય. | જસદણ શહેરમાં શહેરના જે વિસ્તારોમાં વીજ તાર જોબ મારી ગયેલ (ઢીલા તાર) હોય, લાઇનનુ સર્વેક્ષણ કરી જરૂરી સમારકામ કરવામાં આવશે.<br>વીજ તારને બદલે **ABC** કેબલ નાખવાની કામગીરી તાંત્રીક જરૂરીયાત મુજબ કરવામાં આવતી હોય છે.<br>તા. ૧૪/૧૦/૨૦૧૫ ના રોજ જરૂરી સમારકામ કરવામાં આવેલ છે તથા ૦૬ ગાળાના તારનું રી-સ્ટ્રીગીંગ તથા ૧૫૦ મીટર લાઈનમાં **ABC** કેબલ નાખી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૩૦ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | નગરપાલિકા ની હદમાં નાખવામાં આવતા પોલ નાખતા પેહલા નગરપાલિકા ની પૂર્વ મંજૂરી લેવી તેમજ આ બાબતે કોઈ ભાડા અંગેનો પરિપત્ર હોય તો તે રજુ કરવો. | ઇન્ડીયન ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ કલમ ૬૭ને જોગવાઇ પ્રમાણે ઇલેકટ્રીક લાઇન અને પોલ નાખવા માટે મંજુરી લેવાની રહેતી નથી. અને ભાડા અંગેનો કોઇ પરિપત્ર અમલમાં નથી. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | જસદણ નગરપાલિકા પ્રમુખ શ્રી એ.એસ.સોજીત્રા | પીજીવીસીએલ દ્વારા યોજવામાં આવતા લોક દરબારમાં નગરપાલિકાને અગાઉથી જાણ કરવી, જેથી નગરપાલિકાના સદસ્યશ્રીઓને અગાઉથી પ્રશ્ન મંગાવી સમયસર રજુ કરી શકાય. | પીજીવીસીએલ દ્વારા યોજવામાં આવતા લોક દરબાર માટે લોક દરબારના ૧૦ દિન અગાઉ બહોળી પ્રસિધ્ધી કરવામાં આવતી હોય છે. જે અંતર્ગત વર્તમાન પત્રોમાં જાહેર નિવીદા આપવામાં આવેલ, તેમજ સબંધીત જિલ્લાના પ્રમુખશ્રી ભારતીય કિશાન સંઘ, પ્રમુખશ્રી વેપારી મહામંડળ, પ્રમુખશ્રી ચેમ્બર ઓફ કોર્મસ, પ્રમુખશ્રી ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીઝ, અન્ય એશોશીયેશનો, **NGO,** તાલુકા પંચાયતના પ્રમુખશ્રી/ઉપપ્રમુખશ્રી, નગરપાલીકા પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલ સભ્યશ્રીઓ, મામલતદારશ્રી, ઇલેક્ટ્રીકલ ઇન્સ્પેકટરશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી, માન. જિલ્લા કલેકટરશ્રીને નિમંત્રણ આપવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૩૨ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | આટકોટ સ/ડી. હેઠળ ખારચીયા ગામનાં અરજદારશ્રી ભૂરાભાઈ મનજીભાઈ ચોવટિયાને કલમ-૧૨૬ હેઠળ આપેલ બિન-કાયદેસર વિજ બીલ નું કારણ શું? | આટકોટ સ/ડી. હેઠળ ખારચિયા ગામના અરજદાર શ્રી ભુરાભાઈ મનજીભાઈ ચોવટિયાને તા.૨૭.૦૧.૨૦૧૫ ના રોજ થયેલ વિજ ચેકિંગમાં ચેકિંગ શીટ નં. ૬૯૪૧ તા. ૨૭.૦૧.૨૦૧૫માં દર્શાવ્યા મુજબ પીળા કલરની મેઈન સર્વિસ વાયર સાથે ચેડા કરી તેમાં સાંધો કરી ફેઈજ તથા ન્યુટ્રલ બંને ખુલ્લા કરી વિજ ચોરી કરી શકાય તેવી કાયમી વ્યવસ્થા કરી હોવાથી વિજ કંપનીના વર્તમાન નિયમ મુજબ કલમ નં.૧૨૬ હેઠળ વિજ ચોરીનું બિલ આપવામાં આવેલ છે. જે નિયમઅનુસાર છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | જસદણ-વિંછીયા તાલુકાના દોઢ-પોઈન્ટ વીજળીકરણમાં ભુવા રામજીભાઈ વસતાભાઈ એ ૧૦૦/- અંકે એકસો રૂપિયા ભરીને વીજળીકરણ માટેની માંગણી કરી છે. તેઓનાં વીજ કનેક્શન ખેતીવાડીનાં ફીડરમાં આપેલ છે, જે વીજ કનેક્શન રહેણાંકનાં ફીડર માંથી વીજ લાઈન આપવા નમ્રપણે વિનંતી છે. | જસદણ-વિંછીયા તાલુકામાં ભુવા રામજીભાઈ વસ્તાભાઈને ઝુપ્પડ-પટ્ટી યોજના હેઠળ પોતાના મકાનની બાજુમાંથી નીકળતી ખેતીવાડી ફીડર માંથી ૫ કેવીએ નું ટીસી ઉભું કરીને તા. ૦૪.૦૬.૨૦૧૩ ના રોજ વિજ જોડાણ ચાલુ કરી આપવામાં આવેલ છે. જેમાં કંપનીના નિયમાનુસાર અનુસાર ૧૩૨ કેવી જસદણ સબ-સ્ટેશનમાંથી ૧૧ કે.વી. ગંજીવાડા ખેતીવાડી ફીડર દ્વારા ૮ કલાક થ્રી ફેઇઝ વિજપુરવઠો તથા બાકીના ૧૬ કલાક સિંગલ ફેઇઝ વિજપુરવઠો **LST** ટ્રાન્સફોર્મર મારફત સાતત્યપુર્વક આપવામાં આવે છે. અને **LST** ટ્રાન્સફોર્મર હાલમાં કાર્યરત છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | આટકોટ | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૩૪ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | આટકોટ સ/ડી. હેઠળ ખેતીવાડી કનેક્શન શીફ્ટીંગ કરાવેલ અરજદાર શ્રી મગનભાઈ ભુરભિયા ચોવટિયા ગામ-જીવાપર વર્ષ ૨૦૧૩ મા કનેક્શન શીફ્ટીંગ થયેલ છે. છતાં આજદિન સુધી આ ગ્રાહકને વિજ બીલ મળતું નથી કારણ શું? બે-બે વર્ષ સુધી ખેડુતને ખેતીવાડીનું બીલ ન મળે અથવા આપવામાં ન આવે તેનું કારણ જણાવશો આ સાથે પૈસા ભરેલ પહોંચ સામેલ છે. | અરજદાર શ્રી મગનભાઈ ભુરાભાઈ ચોવટિયાનું કનેક્શન નામ ટ્રાન્સફર સાથે ખારચિયા ગામથી જીવાપર ગામે લોડ વધારા સાથે શીફટીંગ થયેલ, જેથી ખારચિયા ગામનું આ એ-૧ ટેરીફ વાળું જુનું વિજ જોડાણ પીડીસી થયેલ, અને નવો ગ્રાહક નંબર ઈ-ઉર્જાની સીસ્ટમમાં ઓટો-જનરેટ થયેલ. જીવાપર ગામ ખાતે જેનો ટેરીફ એ-૧ માંથી એ-૨ ટેરીફ પણ ઓટોમેટીક થઇ ગયેલ. જેના કારણે મીટરનું ખાનું ખાલી હોવાથી જેથી આજદિન સુધી વિજ-બીલ સિસ્ટમની ખામીના કારણે બીલ બની શકેલ નથી. જેના અનુસંધાને જવાબદાર કર્મચારી શ્રી. એન.ડી. ડાંગર નાયબ અધિક્ષક (રેવ.) ને કારણ-દર્શક નોટિસ પત્ર ન. ૬૭ તા. ૨૮.૦૭.૨૦૧૫ થી આપી ખુલાસો માગવામાં આવેલ છે. તથા ગ્રાહકને વિજ ગ્રાહક ન ૮૯૫૧૯/૦૧૬૩૫/૦ આપી તા. ૨૭.૦૭.૨૦૧૫ના રોજ ગ્રાહક વિજ બીલ આપવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | જસદણ-વિંછીયા તાલુકાના દોઢ-પોઈન્ટ વીજળીકરણ કનેક્શનમાં સમય માર્યાદામાં શા માટે આપવામાં આવતા નથી ? આ માંગણીદારોની રજૂઆત સામેલ છે. | જસદણ-વિંછીયા તાલુકામાં ઝુપડપટ્ટી વીજળીકરણ હેઠળ, વીજ કનેક્શનો સમયમર્યાદામાં આપવામાં આવતા હોય છે. રજુ કરાયેલ ૧૩ અરજદારોમાંથી ૬ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. જયારે ૪ અરજદારોને લેણાની રકમ બાકી હોવાથી તેમજ ૩ અરજદારો દ્વારા પુરતા દસ્તાવેજો રજુ કરેલ ના હોવાથી આપેલ નથી. તા ૧૭/૦૮/૨૦૧૫ના રોજ નાયબ ઇજનેરશ્રી, આટકોટ પેટા વિભાગીય કચેરી દ્વારા આ બાબતની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રી, જસદણને કરવામાં આવેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | | | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૩૬ | માન. ચેરમેન શ્રી ભીખાભાઈ એન. રોકડ, બાંધકામ સમિતિ, જી. પં. રાજકોટ | અરજદાર શ્રી<br>(૧) તલસાણીયા ગૌરીબેન માવજીભાઈ<br>(૨) તલસાણીયા ભીમાભાઈ નાનજીભાઈ<br>વિંછીયા, પ્લોટ નંબર ૮૯ અને ૧૩૩ કેનાલ ની બાજુમાં આ સરનામે આવેલ પ્લોટ માં બે પોલ,એલ.ટી. લાઈન નાં તાર નાખેલ છે તેને શીફ્ટીંગ કરી આપવા વિનંતી. | તારીખ ૨૭.૦૭.૨૦૧૫ નાં રોજ અરજદારના પ્રતિનિધિ શ્રી ભીમાભાઈ નાનજીભાઈ તલસાણિયા ની હાજરીમાં નાયબ ઇજનેર વિંછીયા દ્વારા સ્થળ તપાસ કરેલ છે. સદરહુ જગ્યાએ પ્લોટની હદ તેમજ રસ્તા ની હદ નક્કી થઇ શકે તેમ ન હોય, આથી અરજદારો તથા તલાટી મંત્રીશ્રીની રૂબરૂમાં હદ નક્કી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું નકકી કરેલ. જે તા ૧૨/૦૮/૨૦૧૫નાં રોજ અરજદારો તથા તલાટી મંત્રીશ્રીની રૂબરૂમાં સ્થળ ચકાસણી કરતા સદરહું પોલ તથા વીજ લાઈન પ્લોટની હદમાં આવેલ નથી, જેનું રોજ કામ કરી અરજદારોને ધ્યાને દોરેલ છે. | કાર્યપાલક ઇજનેર જસદણ ૯૬૮૭૬ ૬૨૦૪૨ | વિંછીયા | જસદણ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૭ | શ્રી રામ કોન્ક્રીટઅ પ્રા. લી પાટીદડ | એચ ટી વીજજોડાણ માં અવારનવાર ટ્રીપીંગ આવવા બાબત | સદરહું એચ ટી વીજજોડાણ ૧૧ કે.વી. પડવલા ફીડર થી પાવર આપવામાં આવે છે.<br>પડવલા ફીડરનું સમારકામ તા ૦૫.૦૮.૨૦૧૫ નાં રોજ સંપૂર્ણ રીતે કરવામાં આવેલ છે. સમારકામમાં ૬૦-જમ્પરો બદલાવેલ, ૩૦-નડતરરૂપ ઝાડવાને કાપવામાં આવેલ, ૨૫-પોલ સીધા કરેલ, ૧૦-વી ક્રોસ આર્મ સીધા કરેલ, ૬-ગેંગ સ્વીચ રીપેર કરેલ, ૪-ગાળાનાં ઢીલા વાયર ટાઈટ કરેલ, ૫-ટોપ ક્લેમ્પ બદલાવેલ, ૬-નબળી પીન બદલાવેલ, ૧૨- નબળી ડીસ બદલાવેલ છે.<br>હાલમા ૧૧ કે.વી. પડવલા ફીડરમાં સાતત્યપૂર્વક વીજ પુરવઠો પુરો પાડવા આવે છે. અને વીજ વિક્ષેપ પણ મહદ અંશે નિવારી શકાયેલ છે. | કાર્યપાલક ઇજનેર ગોંડલ મોબાઇલ નં ૯૯૨૫૨ ૦૯૧૩૩ | – | ગોંડલ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |
| ૩૮ | તિરુપતિ સિમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ પાટીદડ | એચ ટી વીજજોડાણ માં અવારનવાર ટ્રીપીંગ આવવા બાબત | સદરહું એચ ટી વીજજોડાણ ૧૧ કે.વી. પડવલા ફીડર થી પાવર આપવામાં આવે છે.<br>પડવલા ફીડરનું સમારકામ તા ૦૫.૦૮.૨૦૧૫ નાં રોજ સંપૂર્ણ રીતે કરવામાં આવેલ છે. સમારકામમાં ૬૦-જમ્પરો બદલાવેલ, ૩૦-નડતરરૂપ ઝાડવાને કાપવામાં આવેલ, ૨૫-પોલ સીધા કરેલ, ૧૦-વી ક્રોસ આર્મ સીધા કરેલ, ૬-ગેંગ સ્વીચ રીપેર કરેલ, ૪-ગાળાનાં ઢીલા વાયર ટાઈટ કરેલ, ૫-ટોપ ક્લેમ્પ બદલાવેલ, ૬-નબળી પીન બદલાવેલ, ૧૨- નબળી ડીસ બદલાવેલ છે.<br>હાલમા ૧૧ કે.વી. પડવલા ફીડરમાં સાતત્યપૂર્વક વીજ પુરવઠો પુરો પાડવા આવે છે. અને વીજ વિક્ષેપ પણ મહદ અંશે નિવારી શકાયેલ છે. | કાર્યપાલક ઇજનેર, ગોંડલ મોબાઇલ નં ૯૯૨૫૨ ૦૯૧૩૩ | – | ગોંડલ | રાજકોટ ગ્રામ્ય | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૯ | પ્રમુખ શ્રી ગોંડલ નગરપાલિકા શ્રી ચંદ્રભાઈ એમ. ડાભી. | વેરી તળાવનાં કાંઠે મોટી ઇલેક્ટ્રિક મસીનરીઓ દ્વારા ગેર કાયદેસર વીજ જોડાણો લઇ અનેક ઇસમો દ્વારા પાણી ની બેફામ ચોરી થાય છે તો આવા ગેર કાયદેસર વીજ કનેક્સનો કાપી અને આવા ઇસમો સામે કદેસરના ફોજદારી પગલા લેવા | સદરહુ જગ્યાનું સ્થળ પરીક્ષણ તા.૨૪.૦૭.૨૦૧૫ના રોજ કરતા હાલ વેરી તળાવ ફરતે જે તે ખેડૂત ખાતેદાર ને જરૂરી મંજૂરી સાથે લાઈન તથા ટ્રાન્સફોર્મર ઉભા કરી જૂના ૧૫ ખેતીવાડી જોડાણ આપેલ છે. જે પૈકી હાલ ગોંડલ રૂરલ-૧ સ.ડી-૧ હેઠળ ગોંડલનાં સર્વે નં તથા કોટડા સાંગાણી સ.ડી. હેઠળના ખરેડા, પાંચિયાવદર, વિગેરેના સર્વે નં નાં સ્થળ તથા સ.ડી. માંથી મેળવેલ માહિતી મૂજબ ૩૫ જેટલા ખેતીવાડી જોડાણ આવેલ છે. ઉપરોક્ત વિગતવાળા ખેતીવાડી જોડાણનું ઉનાળા દરમિયાન પાણીની શોર્ટેઝ હોવાથી આવેલ ફરિયાદનાં આધારે અગાઉ સર્કલ ડ્રાઈવ દ્વારા ખેતીવાડી જોડાણ ચેક કરવામાં આવેલ છે તેમજ વર્ષ ૨૦૧૪-૧૫મા ( છેલ્લે માર્ચ-૧૪) ૧૨ જેટલા આસામી ગ્રાહકોને બિન-અધિકૃત વીજવપરાશનાં પૂરવણી બિલ આપવવામાં આવેલ તથા જરૂરી કાર્યવાહી નિયમ મૂજબ કરવામાં આવેલ. વધૂમાં હાલ સ્થળ તપાસ કરતા ડેમ ભરાયેલ હોવાથી કોઇપણ બિન-અધિકૃત વીજવપરાશ માલૂમ પડેલ નથી. સદરહુ જગ્યાએ જરૂરિયાત મુજબ સમયાંતરે વીજચેકિંગ કામગીરી કરવામાં આવતી હોય છે. | કાર્યપાલક ઇજનેર પીજીવીસીએલ, ગોંડલ મોબાઇલ નં ૯૯૨૫૨ ૦૯૧૩૩ | – | ગોંડલ | રાજકોટ ગ્રામ્ય | નીકાલ | | |
| ૪૦ | લીલમબેન આર. વોરા, “રજની”૨/૪ પ્રગતિ સોસાયટી, રૈયા રોડ, રાજકોટ. | ડીપોઝીટની રકમ બીલમાં આપવા બાબતે. | ગ્રાહકને બીલમાં ડીપોઝીટની રકમ રૂ. ૬૦ માટે એન્ટ્રી આપી દેવામાં આવેલ છે. | કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગ - ૨. રાજકોટ. મો. ૯૯૨૫૨૦૯૦૪૧ | પ્રદ્યુમન નગર સબ ડીવીઝન. | સીટી-૨. | સીટી સર્કલ. | નિકાલ | - | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | અશોકભાઈ આર. વોરા "રજની"૨/૪ પ્રગતિ સોસાયટી, રૈયા રોડ, રાજકોટ. | ડીપોઝીટ(પીડીસી)ની રકમ પરત આપવા બાબતે. | ગ્રાહકને ડીપોઝીટ(પીડીસી)ની રીફંડની રકમ રૂ. ૬૦૦/- ચેક. નં. ૪૭૬૩૨૬ તા. ૨૪.૦૭.૧૫ થી આપેલ છે. | કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગ - ૨. રાજકોટ. મો. ૯૯૨૫૨૦૯૦૪૧ | પ્રદ્યુમન નગર સબ ડીવીઝન. | સીટી-૨. | સીટી સર્કલ. | નિકાલ | - | |
| ૪૨ | ડાયાભાઇ વી. સાટિયા, રૈયા રોડ, કૃષ્ણ કુંજ સોસાયટી શેરી-૧, રાજકોટ. | વીજ પોલ ટી.સી. સાથે ઘર પાસે નડતર રૂપ છે. | અરજદારને વીજ પોલ ટી.સી. સાથે ઘર પાસેથી ફેરવવા માટે તા. ૨૪.૦૭.૧૫ ના રોજ રૂ. ૪૯૭૯૫/- નું કોટેશન (FQ) આપેલ છે. જે ભરપાઇ થયે ત્વરીત કાર્ય કરવામાં આવશે. | કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગ - ૨. રાજકોટ. મો. ૯૯૨૫૨૦૯૦૪૧ | પ્રદ્યુમન નગર સબ ડીવીઝન. | સીટી-૨. | સીટી સર્કલ. | નિકાલ | | |
| ૪૩ | દીપેનભાઈ બુહેચા, શિવ પાર્ક, રૈયા ચોકડી પાસે, પ્લોટ ન. બી. રાજકોટ. | મીર નગર ફીડર વારંવાર બંધ રહેવા બાબતે. | મીરા નગર ફીડરમાં જરૂરી મેઈન્ટેનન્સ કામ કરેલ છે તથા ફીડર બાયફ્રકેશન નું કામ ચાલુ છે. | કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગ - ૩. રાજકોટ. મો. ૯૯૨૫૨૦૯૧૦૯ | એચ.ટી.- ૩. | સીટી-૩. | સીટી સર્કલ. | નિકાલ | | |
| ૪૪ | મનીષભાઈ બી. સોજીત્રા, ૪૧, ન્યુ.જાગનાથ, યાજ્ઞિક રોડ, રાજકોટ. | મકાન ની નજીક હાઈ વોલ્ટેજ લાઈન પસાર થાય છે તે દુર કરવા બાબતે. | ગ્રાહક શ્રી મનીષભાઈ બી. સોજીત્રાને મકાન ની નજીક હાઈ વોલ્ટેજ લાઈન પસાર થાય છે તે દુર કરવા માટે તા. ૨૯.૦૭.૧૫ રૂ. ૭૬૧૪૨/- નું કોટેશન **(FQ)** આપેલ છે. જે ભરપાઇ થયે ત્વરીત કાર્ય કરવામાં આવશે. | કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગ - ૨. રાજકોટ. મો. ૯૯૨૫૨૦૯૦૪૧ | એચ.ટી.-૨ | સીટી-૨. | સીટી સર્કલ. | નિકાલ | | |
| ૪૫ | શ્રીમતી ચન્દ્રિકાબેન એમ. મેહતા., "ભવાની કૃપા", બ્લોક નં.૧, ગાંધીગ્રામ-૬, રાજેશપાન પાસે, રાજકોટ. | વીજ પોલ ફેરવવા બાબતે. | ગ્રાહક શ્રી શ્રીમતી ચન્દ્રિકાબેન એમ.મેહતાને વીજ પોલ ફેરવવા માટે તા. ૩૦.૦૭.૧૫ ના રૂ. ૧૭૪૪૯/- નું કોટેશન **(FQ)** આપેલ છે. જે ભરપાઇ થયે ત્વરીત કાર્ય કરવામાં આવશે. | કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગ - ૨. રાજકોટ. મો. ૯૯૨૫૨૦૯૦૪૧ | પ્રદ્યુમન નગર સબ ડીવીઝન. | સીટી-૨. | સીટી સર્કલ. | નિકાલ | | |